Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૬–૧૨–૨૦૧૬**

સિન્ડિકેટની સામાન્ય સભા મંગળવાર, તા.૬–૧૨–૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૬–૧૨–૨૦૧૬ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | ગેરહાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૧૦–૧૧–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૦–૧૧–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવી.**

૨. યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં ફરજ બજાવતા પ્રાધ્યાપકોને પી.જી.ના વધારે કામના પ્રેકટીકલ અને લેકચરના મહેનતાણા ચૂકવવામાં આવતા હોય તેવી જ રીતે લેબ.આસિસ્ટન્ટ, સ્ટોર કીપર અને પ્યુન મિત્રોને પણ પી.જી.નું મહેનતાણું મળે તેવી સાયન્સ કોલેજોના આચાર્યશ્રીઓની રજૂઆતો સંદર્ભે સિન્ડિકેટની તા.૭/૦૧/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૧૪ અન્વયે ગઠીત સમિતિ દ્વારા કોલેજોમાં પ્રવૃત્ત લેબોરેટરી સાથે સંલગ્ન વહીવટી કર્મચારીઓને પણ શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવામાં આવે છે તે અનુસાર પી.જી.નું મહેનતાણું ચૂકવવા ભલામણ કરેલ હોય જે ભલામણ **સિન્ડિકેટની તા.૨૯/૬/૨૦૧૫ના રોજની સભાના ઠરાવ ક્રમાંકઃ**(૬૧) અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતા અનુસ્નાતક અભ્યાસના શૈક્ષણિક કર્મચારીઓને પ્રેકટીકલ અને લેકચરના વધારાના કામના મહેનતાણુ આપવામાં આવે છે તેવી રીતે કોલેજનાં લેબ.આસિસ્ટન્ટ તેમજ સ્ટોર કીપર અને પ્યુનને મહેનતાણું આપવા માટે સિન્ડિકેટની નિયુકત તા.૦૭/૦૧/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૧૪ અન્વયે નિયુકત સમિતિની ભલામણ સ્વીકારી યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં પ્રવૃત્ત લેબોરેટરી સાથે સંલગ્ન વહિવટી કર્મચારીઓને પણ શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવામાં આવે છે તે અનુસાર પીજીનું મહેનતાણું ચૂકવવું"

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ અન્વયે નીચે મુજબ મેહનતાણા નિયત કરવાનુ હોય જેની કાર્યાલયની તા.૩૦/૦૯/૨૦૧૬ની નોંધ પર કોલેજોના વહીવટી કર્મચારીઓના પ્રાયોગિક કાર્યભારના મહેનતાણા નિયત કરવા સિન્ડિકેટમાં પુનઃ વિચારણા કરવાના મળેલ આદેશ અન્વયે કોલેજના વહીવટી કર્મચારીઓની માંગણી મુજબનું નીચે મુજબનું મહેનતાણું નિયત કરવું કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

| ક્રમાંક | કાર્યભારનો પ્રકાર | શૈક્ષણિક કર્મચારીઓને મળતું મહેનતાણું | | કોલેજના વહીવટી કર્મચારીઓની માંગણી | |
|---|---|---|---|---|---|
| | | નિયત કાર્યભાર ઉપરાંત વધારાનો કાર્યભાર | પ્રત્યેક પ્રાયોગિક કાર્યદીઠ મહેનતાણું | નિયત કાર્યભાર ઉપરાંત વધારાનો કાર્યભાર | પ્રત્યેક પ્રાયોગિક કાર્યદીઠ મહેનતાણું |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | શૈક્ષણિક કાર્યભાર | સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ૪૦ તાસ | રૂા.૩૦૦/– | – | – |
| | | વાર્ષિક વધુમાં વધુ ૬૦ તાસ | રૂા.૩૦૦/– | – | – |
| ૨ | પ્રાયોગિક કાર્યભાર | સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ૧૦ તાસ અને વાર્ષિક વધુમાં વધુ ૨૦ તાસ | રૂા.૧૫૦/– (મહત્તમ મર્યાદા રૂા. ૪૫૦/–) | સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ૧૫ પ્રાયોગીકની કામગીરી અને વાર્ષિક વધુમાં વધુ ૩૦ પ્રાયોગીકની કામગીરી | સ્ટોર કીપર /પ્લાન્ટ કલેકટર રૂા. ૩૦૦/–<br>લેબોરેટરી આસિસ્ટન્ટ રૂા. ૩૦૦/–<br>લેબ. હમાલ રૂા. ૨૦૦/– |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે નીચે મુજબની સમિતિની નિયુકિત કરવી.**

**(૧) આચાર્ય ડૉ. વિ.ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) શ્રી કિરીટભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) શ્રી સ્નેહલભાઈ જોષી ( દોલત ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ ધીરૂ સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ ઓફ કોમર્સ, તીથલ રોડ, વલસાડ.)**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટીની આ અંગેની નીતિ અંગેની માહિતી મેળવી અહેવાલ રજૂ કરવો.**

૩. પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાની અધ્યાપક ડૉ.ગંગાબેન ડી. પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકની અરજી સંદર્ભમાં ડૉ.ગંગાબેન ડી. પટેલને પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવા માટે એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૮–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૭થી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકની પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપવા માટે એકેડેમિક કાઉન્સિલની તા.૧૯–૪–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૧૭થી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે પરત્વે સિન્ડિકેટ તા.૨–૯–૨૦૧૬ની બાબત ક્રમાંક:૧૦૬ અન્વયે પીએચ.ડી. સંશોધન અભ્યાસ સફળતાપૂર્વક પાસ કરનારને UGC Ph.D. Regulation-2009 અન્વયેનું પ્રમાણપત્ર માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ના સંશોધન અભ્યાસ કરેલ હોય તે માર્ગદર્શક શિક્ષકનું નામ અને તેઓ જે યુનિવર્સિટી કોલેજમાં કાર્યરત હોય તેની નોંધ સાથે પીએચ.ડી. સંશોધન અભ્યાસ Off Campus થી કે Regular Mode Ph.D. સંશોધન અભ્યાસ કર્યાની માહિતી જે તે યુનિવર્સિટીમાંથી મળ્યેથી તેની પુર્ણ ચકાસણી બાદ જ આગળની કાર્યવાહી કરવા ઠરાવેલ છે.

સિન્ડિકેટના ઠરાવ મુજબ સંબંધકર્તા યુનિવર્સિટીને માહિતી આપવા જણાવી તેની જાણ અધ્યાપકને કરતા અધ્યાપક ડૉ.ગંગાબેન ડી. પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયક ધ્વારા નીચે મુજબની સ્પષ્ટતા કરેલ છે.

૧. પીએચ.ડી. સંશોધન અભ્યાસ સફળતાપુર્વક પાસ કર્યાનું સર્ટીફીકેટ જમા કરાવેલ છે.
૨. અધ્યાપકો ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસ સફળતાપુર્વક પાસ કર્યાનું નોટીફીકેશનની નકલ જમા કરાવેલ છે.
૩. સિઘાંનીયા યુનિવર્સિટી, રાજસ્થાનની કોર્ષ વર્કની માર્કશીટની નકલ જમા કરાવેલ છે.
૪. ડૉ.ગંગાબેન ડી. પટેલએ તથા ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકએ પીએચ.ડી. સંશોધન ડૉ.પ્રજ્ઞા દેસાઈ (શ્રીમતી સદગુણા સી.યુ.આર્ટસ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ, ગુજરાત યુનિવીર્સટી સંલગ્ન કોલેજના)ના માર્ગદર્શન હેઠળ કરેલ છે.
૫. ડૉ.ગંગાબેન ડી. પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકના માર્ગદર્શક શિક્ષક ડૉ.પ્રજ્ઞા દેસાઈના બાયોડેટા જમા કરાવેલ છે.

યુ.જી.સી.નાં તા.૬–૭–૨૦૧૫નાં પત્રાંક D. O. No. F. 10 - 6/ 2011 (PS) Misc.થી માર્ગદર્શક શિક્ષક યુનિવર્સિટી એફીલેએટેડ પી.જી.કોલેજ/ઈન્સ્ટીટયુટના ફેકલ્ટી મેમ્બર ન હોય, તેવા સંજોગોમાં Violation of UGC (Minimum Standards and procedure for award of M.Phil/ Ph.D. Degree) Regulations 2009 થતો હોય તેમ જણાવેલ હોય જે અવલોકનમાં લેતા અરજીકર્તા અધ્યાપકો ધ્વારા ગુજરાત રાજયની યુનિવર્સિટીના અધ્યાપકના માર્ગદર્શન હેઠળ સંશોધન અભ્યાસ ડૉ.ગંગાબેન ડી. પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયક ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસ પુર્ણ કરેલ છે.

"Universities shall allocate the supervisor from amongst the regular faculty members in a department of its affliated PG Colleges/Institutes depending on the number of students per faculty member, the available specialization among the faculty supervisors and the research intrest of the student. It is further clarified that any Ph.D./M.Phil. degree awarded by a University under the supervision of a supervisor who is not a faculty member of the University of its affilated PG College/Institutes would be in violation of (Minimum Standards and procedure for award of M.Phil./Ph.D. Degree) Regulations 2009"

ઉપરોક્ત વિગત અને UGCની જોગવાઈ અવલોકનમાં લેતા અરજીકર્તાના પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરના મુલ્યાંકન અહેવાલ હકારાત્મક હોય, જે અવલોકનમાં લેતાં UGCની ઉપર મુજબની ગાઈડલાઈન મુજબ તેમના નિયુકત પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક ગુજરાતની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ફરજ બજાવતા હોય, ડૉ.ગંગાબેન ડી.પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકને પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતા આપીએ કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

<u>નોંધ :</u> ડૉ.અલ્કેશભાઈ આઈ. શાહ અને ડૉ.ફરીદા પી. મીનોચેહેરહોમજીને સિન્ડિકેટની તા.૧૮–૧૦–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૧૬) અન્વયે સદર અધ્યાપકોને તેમના વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા ઠરાવેલ છે. જે જાણ સારું.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.ગંગાબેન ડી.પટેલ અને ડૉ.પારૂલબેન શાંતિલાલ નાયકને પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા બાબતે નીચેના સભ્યશ્રીઓની સમિતિ પર નિયુકિત કરવી.**

**(૧) આચાર્ય ડૉ. વિ.ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ. રાકેશ એન. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૪. ડીનશ્રી વિનયન અને વાણિજય વિદ્યાશાખાના તા.૭–૧૧–૨૦૧૬ના પત્રથી એમ.ફિલ. અને પીએચ.ડી.ની ડિસેમ્બર–૨૦૧૫માં થયેલ પ્રવેશની જાહેરાતમાં પીએચ.ડી. સંશોધન પ્રોગ્રામની દર્શાવેલ પ્રવેશ બેઠકોમાં વિનયન અને વાણિજય વિદ્યાશાખાના વિવિધ વિષયોમાં નવા માર્ગદર્શક શિક્ષકોને યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય તેથી જે તે વિષયોમાં પ્રવેશ બેઠકોની સંખ્યામાં રીસર્ચ સ્ટડીઝ સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશનને આધારે પ્રવેશની જાહેર કરેલ બેઠકથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ફાળવવા/ પ્રવેશ આપવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રી, વિનયન અને વાણિજય વિદ્યાશાખાના તા.૭–૧૧–૨૦૧૬ના પત્રથી એમ.ફિલ. અને પીએચ.ડી.ની ડિસેમ્બર–૨૦૧૫માં થયેલ પ્રવેશની જાહેરાતમાં પીએચ.ડી. સંશોધન પ્રોગ્રામની દર્શાવેલ પ્રવેશ બેઠકોમાં વિનયન અને વાણિજય વિદ્યાશાખાના વિવિધ વિષયોમાં નવા માર્ગદર્શક શિક્ષકોને યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય તેથી જે તે વિષયોમાં પ્રવેશ બેઠકોની સંખ્યામાં રીસર્ચ સ્ટડીઝ સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશનને આધારે પ્રવેશની જાહેર કરેલ બેઠકથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ ફાળવવા/ પ્રવેશ આપવા વિનંતી કરેલ છે જેને મંજૂરી આપવી નહીં.**

૫. શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી મંડળ, નવસારી સંચાલિત નારણલાલા લો કોલેજ, નવસારીમાં ચાલતો એલએલ.બી.નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦૨૦થી બંધ કરવા સદર મંડળના ચેરમેનશ્રીએ તેમના તા.૨૨–૧૦–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી મંડળ, નવસારી સંચાલિત નારણલાલા લો કોલેજ, નવસારીમાં ચાલતો એલએલ.બી.નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦૨૦થી બંધ કરવા સદર મંડળના ચેરમેનશ્રીએ તેમના તા.૨૨–૧૦–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી અન્વયે નીચેના સભ્યશ્રીઓની સમિતિ પર નિયુકિત કરવી.**

**(૧) ડૉ. કમલેશભાઈ પટેલ (ડીનશ્રી, કાનૂન વિદ્યાશાખા)**
**(૨) આચાર્ય ડૉ . વિનોદભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આચાર્ય ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ (સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજ ચાર રસ્તા, જી.સુરત.)**

૬. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના ૪૪માં યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ યુનિવર્સિટી પરિસર ઉપર યોજાનાર છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ આ સાથે સામેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) યુવક મહોત્સવ અંદાજીત બજેટ રૂા.૨૦,૦૫,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પાંચ હજાર પૂરા)

(૨) ખેલકૂદ રમતોત્સવ અંદાજીત બજેટ રૂા.૧૭,૯૫,૦૦૦/– (અંકે રૂપિયા સત્તર લાખ પંચાણું હજાર પૂરા)

ઉપરોકત બજેટસ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત પરત (Withdraw) ખેંચવી.**

૭. ૩૨માં આંતર યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુવક મહોત્સવ ગણપત યુનિવર્સિટી, મહેસાણા મુકામે આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ આ સાથે સામેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

૩૨માં આંતર યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુવક મહોત્સવ અંદાજીત બજેટ રૂા.૩,૨૧,૫૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ એકવીસ હજાર પાંચસો પૂરા)

ઉપરોકત બજેટ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ૩૨માં આંતર યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુવક મહોત્સવ ગણપત યુનિવર્સિટી, મહેસાણા મુકામે આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી સંભવીત બજેટ પરિશિષ્ટ : " ક "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવું.**

**(પરિશિષ્ટ : " ક ")**

૮. યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ (૧) ર્ડા.એ. એન. માલવિયા આસીસ્ટન્ટ ડાયરેકટર,(૨) શ્રી ડી. કે. પટેલ, પ્રોજેકટ ઓફીસર તેમજ (૩)ર્ડા.રોમન ભાટીયા, પ્રોજેકટ ઓફીસર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ અંગે નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચીવાલાય ગાંધીનગર, તરફથી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને ઉદ્દેશીને તેમજ પત્રની નકલ યુનિવર્સિટી કાર્યાલયને રવાના કરવામાં આવેલ તા.૨૧/૧૦/ ૨૦૧૬ના તથા નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૬/૧૧/ ૨૦૧૬ના પત્રો પર વિચારણા કરવા બાબત.....

નોંધઃ–(1) Dr.Roman Kanti Bhatia(2) Mr.Devendranath K. Patel & (3) Dr.Achyutanand Malaviya તરફથી નામદાર હાઈકોર્ટમાં એપ્લીકેશન નં.૫૯૩૮, ૨૦૦૩ના હુકમ સામે તા.૦૯/૧૧/૨૦૧૬થી કેવીયેટ દાખલ કરવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના નોન વેકેશનલ ટીચીંગ સ્ટાફ (૧) ર્ડા. એ. એન. માલવિયા આસીસ્ટન્ટ ડાયરેકટર, (૨) શ્રી ડી. કે. પટેલ, પ્રોજેકટ ઓફીસર તેમજ (૩) ર્ડા. રોમન ભાટીયા, પ્રોજેકટ ઓફીસર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ અંગે નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચીવાલાય ગાંધીનગર, તરફથી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને ઉદ્દેશીને તેમજ પત્રની નકલ યુનિવર્સિટી કાર્યાલયને રવાના કરવામાં આવેલ તા.૨૧/૧૦/ ૨૦૧૬ના તથા નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૧૬/૧૧/ ૨૦૧૬ના પત્રો અન્વયે નીચેના સભ્યોની સમિતિ નીમવી તથા આ સમિતિના અહેવાલના આધારે યોગ્ય તે જવાબ સરકારશ્રીને પાઠવવાની માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(૧) ડૉ. અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) ડૉ. રાકેશ એન. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૯. પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (5 yrs Integrated Programme in Sustainable Development)ના અભ્યાસક્રમ અંગે સિન્ડિકેટે તેની તા.૦૨/૦૯/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૭ અન્વયે પ્રસ્તુત ડીગ્રીનું નોમેન કલેચર યુ.જી.સી.માં છે કે કેમ તેની ચકાસણી કરવી અને જો હોય તો તેની મંજૂરી આપવા ઠરાવેલ છે, જે અંગે ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાએ તેની તા.૨૧/૧૧/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>**ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની તા.૨૧/૧૧/૨૦૧૬ની સભાની ભલામણ ક્રમાંક :૩**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨૯/૦૪/૨૦૧૬ની ગ્રામવિદ્યાશાખાના સમાવિષ્ટ બાબત ક્રમાંક : ૪ થી મંજૂર થયેલ પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઈન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (5 yrs Integrated Programme in Sustainable Development) કોર્ષનું નામાભિધાન એમ.આર.એસ. (પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ) સુધારીને આગળની કાર્યવાહી માટે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (5 yrs Integrated Programme in Sustainable Development)ના અભ્યાસક્રમ અંગે સિન્ડિકેટે તેની તા.૦૨/૦૯/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૭૭ અન્વયે પ્રસ્તુત ડીગ્રીનું નોમેન કલેચર યુ.જી.સી.માં છે કે કેમ તેની ચકાસણી કરવી અને જો હોય તો તેની મંજૂરી આપવા ઠરાવેલ છે, જે અંગે ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાએ તેની તા.૨૧/૧૧/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે કરેલી ઉપરોકત ભલામણને યથાવત મંજૂર કરવી.**

૧૦. વિદ્યાર્થીઓને NOC ન આપનાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો સામે કાર્યવાહી કરી અને કડક નિયમ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓને NOC ન આપનાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો સામે કાર્યવાહી કરી અને કડક નિયમ બનાવવા અંગે ....**

**(૧) વિદ્યાર્થીઓને NOC આપવા બાબતે ફોર્મ આચાર્ય ડૉ. વિ. ડી. નાયક પાસે તૈયાર કરાવવું.**

**(૨) અરજી આપ્યાના દિન દસ (૧૦)માં કોલેજ દ્વારા નિર્ણય ન લેવામાં આવે તો NOC વગર જે તે કોલેજ પ્રવેશ આપી શકશે.**

૧૧. જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતનાં આચાર્યશ્રી ડૉ.કે. એન. ચાવડાનો તા.૨૧/૧૧/૨૦૧૬ પત્ર ક્રમાંક : ૪૨૯/૨૦૧૬નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે નીચે મુજબની સમિતિ બનાવવી.**

**(૧) ડૉ. અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આચાર્ય ડૉ. કે. એન. ચાવડા (જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સ્ટે.: ઉત્રાણ, સુરત.)**

**(૩) આચાર્ય ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૪) આચાર્ય ડૉ. વિ.ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૧૨. યુનિવર્સિટીની તા.૦૧–૧૦–૨૦૧૬નાં રોજ મળેલ નાણાં સમિતિની સભાના ઠરાવ ક્રમાંકઃ૬ પર વિચારણા કરવા બાબત.

**બાબત ક્રમાંક (૬)** : B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે સમગ્રલક્ષી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટની તા.૦૭/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ૧૧ તથા ૧૩/૦૫/ ૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ૧૧૨ અંતર્ગત નિયુકત સમિતિ દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬થી રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત...

**ઠરાવ ક્રમાંક (૬)** : યુનિવર્સિટીના B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે સમગ્રલક્ષી અહેવાલ રજૂ કરવા નિમાયેલ સમિતિ દ્વારા તા.૨૯/૦૮/૨૦૧૬થી રજૂ કરેલ અહેવાલ બાબતે યોગ્ય નિર્ણય લેવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવે છે.

નોધ : સિન્ડિકેટની તા.૨–૯–૧૬ની બાબત ક્રમાંકઃ ૧૦૮ થી તપાસ સમિતિના અહેવાલ સંદર્ભે સિન્ડિકેટની તા.૭–૧૦–૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ૧ થી નીચે મુજબના સુધારા વધારા કરી ઠરાવવામાં આવેલ છે.

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે કે, યુનિવર્સિટી કેમ્પસ પરના શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીયુટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડીઝાઈન એન્ડ ફાઈન આર્ટસ B.Arch સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારવો તથા અહેવાલમાં જણાવેલ જવાબદારોને શો–કોઝ નોટીસ આપવી. ૪૦ લાખ બાકી છે તે પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતા ચુકવણાના ૫૦ ટકા રકમ ચુકવવી તથા બીજી તમામ નાની પાર્ટી/કોન્ટ્રાકટરને નેગોશીએટ કરીને બાકી રહેતી રકમના ૭૫ ટકા લેખે ચૂકવણું કરવું તથા હાલની તપાસ સમિતિમાં ડાૅ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલનો ઉમેરો કરવો અને તપાસ સમિતિએ આગળની કાર્યવાહી કરવી તથા જેઓ દોષિત છે તેમના હોદ્દાના આધારે ક્ષતી અનુસાર રીકવરી કરવાની કાર્યવાહી કરવી.**

**(નોંધ : સદર બાબત અંગે આ.ડાૅ.વિપીનભાઈ ડી.નાયક તથા શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ નાસંમતિ નોંધાવેલ છે.)**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.**

૧૩. યુનિવર્સિટીની તા.૦૧–૧૦–૨૦૧૬નાં રોજ મળેલ નાણાં સમિતિની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૭ પર વિચારણા કરવા બાબત.

**બાબત ક્રમાંક (૭)**: B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે SPARK99 EVENT MANAGEMENT વતી જીજ્ઞેશ જે.જાની(એડવોકેટ) દ્વારા યુનિવર્સિટીને પાઠવેલ તા.૨૩/૦૯/૨૦૧૬ની નોટીસ પર વિચારણા કરવા બાબત.

**ઠરાવ ક્રમાંક (૭)** : યુનિવર્સિટીનાં B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમ દ્વારા આયોજીત નાસા કાર્યક્રમ સંદર્ભે SPARK99 EVENT MANAGEMENT વતી જીજ્ઞેશ જે.જાની (એડવોકેટ) દ્વારા યુનિવર્સિટીને પાઠવેલ તા.૨૩/૦૯/૨૦૧૬ની નોટીસ બાબતે યોગ્ય નિર્ણય લેવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવે છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.**

૧૪. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના ફરજ મોકુફી હેઠળના મદદનીશ પ્રાધ્યાપિકા ડૉ.કૈલાશ પી.પટેલ ધ્વારા ફરજ મોકુફી રદ્ કરીને તેમને ફરજ પર હાજર કરવા અંગેના તા.૨૧–૧૧–૨૦૧૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.....

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના ફરજ મોકુફી હેઠળના મદદનીશ પ્રાધ્યાપિકા ડૉ.કૈલાશ પી.પટેલ ધ્વારા ફરજ મોકુફી રદ્ કરીને તેમને ફરજ પર હાજર કરવા અંગેના તા.૨૧–૧૧–૨૦૧૬ના પત્રને સિન્ડિકેટે નીમેલ તપાસ સમિતિને રીફર કરવો.**

૧૫. શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/૧૫૭૬/ખ-૨, તા.૧૯/૧૧/ ૨૦૧૬ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની છઠ્ઠા પગાર પંચ અંતર્ગત નિવૃત્તિ / રાજીનામાં / અવસાનથી ખાલી પડેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક જગ્યાઓ પૈકી અનુસ્નાતક વિભાગોની વિવિધ કેડરની કુલ-૧૯ (ઓગણીસ) જગ્યાઓ તથા વિવિધ કેડરની કુલ-૧૫ (પંદર) બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા આપવામાં આવેલ મંજૂરીની નોંધ લેવા તેમજ ઘટતી કાર્યવાહી કરવા વિચારણા કરવા બાબત.

**[**<u>નોંધ</u> :

(૧) શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/૧૫૭૬/ખ, તા.૧/૧૧/૨૦૧૪ થી યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોની વિવિધ કેડરની કુલ-૨૦ (વીસ) જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ હતી. તેમજ ઉપરોકત તા.૧૯/૧૧/૨૦૧૬ ના ઠરાવથી કુલ-૧૯ (ઓગણીસ) જગ્યાઓ મંજૂર કરવામાં આવતા શૈક્ષણિક કર્મચારીઓના કુલ મંજૂર થયેલ મહેકમમાં વિસંગતતા ઉભી થયેલ હોવાથી શિક્ષણ વિભાગ, ગાંધીનગરને પત્ર પાઠવવામાં આવેલ છે.

(૨) યુનિવર્સિટી ખાતે બિન શૈક્ષણિક કર્મચારીઓની ખાલી પડેલ વિવિધ જગ્યાઓ ભરવા મંજૂરી મળનાર હોય, જે સંદર્ભે સદર જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો / ભરતી નિયમો (Recruitment Rules) નિયત કરવા અંગે યુનિવર્સિટી સિન્ડિકેટની તા.૧૦/૧૧/૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ થી ચાર સભ્યોની નિમવામાં આવેલ સમિતિને ઉપરોકત તા.૧૯/૧૧/૨૦૧૬ ના ઠરાવ અંતર્ગત ૧૫ (પંદર) બિન શૈક્ષણિક જગ્યાઓના લાયકાત અંગેના ધોરણો / ભરતી નિયમો (Recruitment Rules) તૈયાર કરી અહેવાલ રજુ કરવા જણાવેલ છે.**]**

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : દગય/૧૩૧૧/ ૧૫૭૬/ખ-૨, તા.૧૯/૧૧/ ૨૦૧૬ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેની છઠ્ઠા પગાર પંચ અંતર્ગત નિવૃત્તિ / રાજીનામાં / અવસાનથી ખાલી પડેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક જગ્યાઓ પૈકી અનુસ્નાતક વિભાગોની વિવિધ કેડરની કુલ-૧૯ (ઓગણીસ) જગ્યાઓ તથા વિવિધ કેડરની કુલ-૧૫ (પંદર) બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા આપવામાં આવેલ મંજૂરીની નોંધ લેવા તેમજ ઘટતી કાર્યવાહી અન્વયે નીચેના સભ્યોની સમિતિ પર નિયુકિત કરવી.

**(૧) ડૉ. અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આચાર્ય ડૉ. વિક્રમભાઈ દેસાઈ (સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજ ચાર રસ્તા, જી.સુરત.)**

**(૩) આચાર્ય ડૉ. વિ. ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૪) ડૉ. જયદીપ ચૌધરી (વેપાર ઉદ્યોગ અને સંચાલન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.)**

૧૬. યુનિવર્સિટીના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી ધનશ્યામ રાવલ, ર્ડા. મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સંજય દેસાઈ, ર્ડા. ધનેશ વૈધ અને શ્રી પરેશ પટેલ સંયુકત રીતે તા.૦૧/૦૯/૨૦૧૬ ના મુદ્દા નં.–૩ અન્વયે સિન્ડિકેટની સભાની તા.૧૮/૧૦/૨૦૧૬ ની બાબત ક્રમાંક : ૯ થી "યુનિવર્સિટીની વિવિધ સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમોના પ્રવેશ અંગે કામગીરી સંપૂર્ણ ઓનલાઈન પધ્ધતીથી નિયમાનુસાર ટેન્ડરીંગ કરવા ઠરાવવામાં આવેલ છે.

સિન્ડિકેટની સભાની તા.૧૦/૧૧/૨૦૧૬ ની બાબત ક્રમાંક : ૮ અંતર્ગત યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝેશન અંગે મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રમોટેડ કંપની Maharashtra Knowledge Corporation Limited (MKCL) ની દરખાસ્ત તથા Gujarat State Petroleum Corporation Ltd. (Government of Gujarat Undertaking) ની Group Company Guj. Info Petro Ltd (GIPL) ની દરખાસ્ત અન્વયે BECIL નો પણ સમાવેશ કરી જયાં સોફટવેર ચાલતું હોય ત્યાં સિન્ડિકેટના સભ્યશ્રીઓએ રૂબરૂ મુલાકાત લઈ અહેવાલ તૈયાર કરવા ઠરાવવામાં આવેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝેશન અંગે ERP Solution ના સંદર્ભમાં નિયુકત સમિતિ દ્વારા સિન્ડિકેટની સભાની તા.૦૯/૧૨/૨૦૧૫ની બાબત ક્રમાંકઃ ૩૪ અંતર્ગત યુનિવર્સિટીના કોમ્પ્યુટરાઈઝેશન અંગે ERP Solution અંગે સર્વગ્રાહી અભ્યાસ કરી અહેવાલ આગામી સિન્ડિકેટમાં રજૂ કરવા ઠરાવવામાં આવેલ છે.

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવો અવલોકનમાં લઈ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે ટેન્ડરીંગ કરવા / ટેન્ડર તૈયાર કરવા સમિતિની નિયુકતી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે ટેન્ડરીંગ કરવા/ ટેન્ડર તૈયાર કરવા ડૉ. અપૂર્વ એ. દેસાઈ, ડૉ. પુષ્પલભાઈ દેસાઈ, આચાર્ય ડૉ. વિ. ડી. નાયક તથા આચાર્ય ડૉ. કે.એન. ચાવડાની સમિતિ પર નિમણૂંક કરવી.**

૧૭. સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરતનાં સેક્રેટરીશ્રીનાં તા.૧૭–૧૧–૨૦૧૬નાં Ref No.: SMT/ SCOP/ BPT/16-17/406નાં બિડાણ સહિતનાં પત્રથી ડો.મીતલ બી. શાહને યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૧૦ મુજબ ફીઝિયોથેરાપીનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ટયુટરની કમ કલીનીકલ થેરાપીસ્ટ માંથી ડીપાર્ટમેન્ટલ પ્રમોશન આપવા અંગે તેમના બિડાણ સહિતનાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(<u>નોંધ</u> :–

(૧) ર્ડા.મીતલ બી. શાહને અત્રેનાં તા.૧૫/ ૦૧/ ૨૦૦૮નાં ક્રમાંકઃએસ(૧)/ ૧૦૯/ ૨૦૦૮થી ફીઝિયોથેરાપી વિષયનાં ટયુટર તરીકે બહાલી આપવામાં આવેલ છે.

(૨) ર્ડા. મીતલ બી. શાહનો ઉપરોકત કોલેજમાં ટયુટર તરીકે કુલ–૮ વર્ષ, ૮ મહીના અને ૧૪ દિવસનો અનુભવ થાય છે.

(૩) ઉપરોકત ટ્રસ્ટને અત્રેની તા.૧૯/૦૭/૨૦૧૬ની કાર્યાલયનોંધ પર મળેલ આદેશાનુસાર અત્રેનાં તા.૨૦/ ૦૭/૨૦૧૬નાં ક્રમાંકઃએસ–એ/૧૨૬૬૮/૨૦૧૬થી તથા અત્રેની તા.૨૨/૦૯/૨૦૧૬ની કાર્યાલયનોંધ પર મળેલ આદેશાનુસાર અત્રેનાં તા.૨૭/૦૯/૨૦૧૬નાં ક્રમાંકઃએસ (૧)/ ૧૭૩૦૮/ ૨૦૧૬થી ઉપરોકત ટ્રસ્ટને યુનિવર્સિટી ઓર્ડિનન્સ–૩૭ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરતનાં સેક્રેટરીશ્રીનાં તા.૧૭–૧૧ –૨૦૧૬નાં Ref No.: SMT/ SCOP/ BPT/16-17/406નાં પત્રથી ડો.મીતલ બી. શાહને યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૧૦ મુજબ ફીઝિયોથેરાપીનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ટયુટરની કમ કલીનીકલ થેરાપીસ્ટ માંથી ડીપાર્ટમેન્ટલ પ્રમોશન આપવા અંગે બહાલી આપવી અને પેરા મેડીકલ પ્રોગ્રામ્સમાં બઢતીના નિયમો તૈયાર કરવા નીચેના સભ્યોની નિયુકિત કરવી.**

**(૧) ડૉ. કે. એન. ભટ્ટ (ડીનશ્રી, મેડીકલ ફેકલ્ટી)**

**(૨) ડૉ. ધનેશભાઈ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) ડૉ. કલ્પનાબહેન દેસાઈ (ડીન, સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર), બોમ્બે માર્કેટ નજીક, ઉમરવાડા, સુરત.)**

**(૪) ડૉ. સર્વાનન એમ. (ધ સાર્વજનિક કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, રામપુરા, છડા–ઓલ, સુરત.)**

**(૫) મેજર જનરલ શ્રીમતી ટી. કે. ભુટીયા (આચાર્ય, સાન્દ્રા શ્રોફ રોફેલ કોલેજ ઓફ નર્સિંગ, વાપી.)**

૧૮. યુનિવર્સિટી સંલગ્ન જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતમાં ગ્રાન્ટ ઈન એઈડ્ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી એફ.વાય.બી.કોમ. (ગુજરાતી માધ્યમ)નું વધુ એક ડિવિઝન ફાળવવા માટે સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૭–૧૧–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરતમાં ગ્રાન્ટ ઈન એઈડ્ કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી એફ.વાય. બી.કોમ. (ગુજરાતી માધ્યમ)નું વધુ એક ડિવિઝન ફાળવવા માટે સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૭–૧૧–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતીનો સ્વીકાર કરી વધારાના એક ડિવિઝનની મંજૂરી આપવી.**

૧૯. એપ્રિલ–૨૦૧૬ દરમ્યાન લેવાયલ B.A. Sem-4 " HISTORY OF MAJOR REVOLUTION" વિષયના મૂલ્યાંકન બાબતે વિવિધ ફરિયાદો મળતા પ્રાથમિક તપાસ કરતાં ગંભીર બેદરકારી હોવાની શંકા જણાતા ડો.ધર્મેશ સી. પંડયા, વ્યારા કોલેજે મૂલ્યાંકન કરેલ ૨(બે) બંડલોનું પૂનઃમૂલ્યાંકન કરાવ્યુ હતુ, જેમાં મોટા ફેરફાર જોવા મળ્યા હતા. આ બાબત સિન્ડીકેટ સમક્ષ રજુ કરતાં સિન્ડીકેટ તા.૦૭/૧૦/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી નીચે મુજબ કરાવવામાં આવેલ છે.

સિન્ડીકેટ તા.૦૭/૧૦/૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ ૧૫

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર પુનઃમૂલ્યાંકનનું પરિણામ જાહેર કરવુ તથા અધ્યાપકને સદર પરીક્ષણ અર્થે ચૂકવાયેલ તમામ ખર્ચ પણ સદર અધ્યાપક પાસેથી વસુલ કરવો. આંતરિક મૂલ્યાંકનની તમામ ઉત્તરવહીઓ પણ અત્રે મંગાવવી અને ચકાસણી કરવી. આચાર્ય તથા ટ્રસ્ટને અધ્યાપકે કરેલ ગંભીર ભુલ બાબતે જાણ કરવી. અધ્યાપક તરીકે માન્યતા રદ કેમ ન કરવી? તે બાબતે અધ્યાપકનો ખુલાસો પુછવો.**

ઉપરોકત ઠરાવને અનુસંધાને :

(૧) આચાર્યશ્રીને તથા મેનેજમેન્ટને તે અંગેની જાણ કરવામાં આવી છે.

(૨) અધ્યાપક પાસેથી મેળવેલ મહેનતાણાંની રકમ રૂા.૪૭૫૦ વસુલ કરવામાં આવી છે.

(૩) અધ્યાપકનો ખુલાસો મંગાવવામાં આવેલ છે.

(૪) કોલેજ પાસેથી સદર અધ્યાપકે તપાસેલ આંતરીક મૂલ્યાંકનની ઉત્તરવહીઓ મંગાવી અને અધ્યાપક પાસે તપાસાવતા મોટા ફેરફારો જણાતા નથી.

ઉપરોકત બાબતો વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.**

## માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

૨૦. P.G.Diploma in Dieteticsનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી અમલમાં આવનાર અભ્યાસક્રમ હોમસાયન્સ વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ હોમસાયન્સ વિષયની અભ્યાસસમિતિની મંજૂરીની અપેક્ષાએ તેમજ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારેલ છે. જે એકેડેમિક કાઉન્સિલ તેમજ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, P.G.Diploma in Dieteticsનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી અમલમાં આવનાર અભ્યાસક્રમ હોમસાયન્સ વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ હોમસાયન્સ વિષયની અભ્યાસસમિતિની મંજૂરીની અપેક્ષાએ તેમજ વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિજ્ઞાન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારેલ છે. જે એકેડેમિક કાઉન્સિલ તેમજ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોય તે મંજૂર કર્યાના પગલાંની નોંધ લેવી.**

૨૧. સિન્ડિકેટની તા.૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૪થી યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિએ મંજૂર થયેલ 'આખરી પ્રવરતાયાદી' મંજૂર થયેલ અને જી.સી.એસ.આર.ના નિયમાનુસાર પ્રમોશન આપવા ઠરાવેલ છે. વધુમાં વખતો વખત માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિની આખરી પ્રવરતાયાદીમાં સુધારો કર્યા બાદની છેવટની તા.૧૪/૧૦/૨૦૧૬ની સ્થિતિએ યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓની 'કામચલાઉ અદ્યતન પ્રવરતા યાદી' મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વયમર્યાદાને કારણે ખાલી વિવિધ બિનશૈક્ષણિક જગ્યાઓ પૈકીની બઢતીપાત્ર જગ્યાઓ પર તેમજ તા.૩૧/૧૦/૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ વયમર્યાદાને કારણે નિવૃત્તિને કારણે ખાલી પડનાર વિવિધ જગ્યાઓ ઉપર યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને બઢતી આપવા અંગે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ સંદર્ભે કુલસચિવની અધ્યક્ષતા હેઠળ નિયુક્ત બઢતી અંગેની પસંદગી સમિતિએ તા.૨/૧૨/૨૦૧૬ની રજુ કરેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(<u>નોંધ</u> : સિન્ડિકેટની તા.૧૦/૧૧/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ થી બઢતી અંગેની પસંદગી સમિતિની તા.૨૮/૧૦/૨૦૧૬ની કાર્યવાહી સંદર્ભે સદર બાબત મુલતવી રાખવા ઠરાવેલ છે)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** સિન્ડિકેટની તા.૫/૧૨/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૪થી યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ માટે તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિએ મંજૂર થયેલ 'આખરી પ્રવરતાયાદી' મંજૂર થયેલ અને જી.સી.એસ.આર.ના નિયમાનુસાર પ્રમોશન આપવા ઠરાવેલ છે. વધુમાં વખતો વખત માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર તા.૧૨/૯/૨૦૧૪ની સ્થિતિની આખરી પ્રવરતાયાદીમાં સુધારો કર્યા બાદની છેવટની તા.૧૪/૧૦/૨૦૧૬ની સ્થિતિએ યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓની 'કામચલાઉ અદ્યતન પ્રવરતા યાદી' મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વયમર્યાદાને કારણે ખાલી વિવિધ બિનશૈક્ષણિક જગ્યાઓ પૈકીની બઢતીપાત્ર જગ્યાઓ પર તેમજ તા.૩૧/૧૦/૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ વયમર્યાદાને કારણે નિવૃત્તિને કારણે ખાલી પડનાર વિવિધ જગ્યાઓ ઉપર યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને બઢતી આપવા અંગે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ સંદર્ભે કુલસચિવની અધ્યક્ષતા હેઠળ નિયુક્ત બઢતી અંગેની પસંદગી સમિતિએ તા.૨/૧૨/૨૦૧૬ની રજુ કરેલ **ભલામણમાં તા.૧૮/૧૯–૧૧–૨૦૧૬ના રોજ પ્રમાણિત થયેલ રોસ્ટરમાં સિનિયર કલાર્ક સંવર્ગમાં અનુસૂચિત જનજાતિના દસ કર્મચારીઓ નિયત સંખ્યાથી વધુ હોવાની હકીકતની નોંધ લઈ A (૩) પર શ્રી રવિ વળવીની જગ્યાએ શ્રી સંજય પી. રાણા તથા B (૫)માં શ્રી સંજય પી. રાણાની જગ્યાએ શ્રી હિમાંશુ ડી. મહેતા તથા C (૯)માં શ્રી હિમાંશુ ડી. મહેતાની જગ્યાએ પ્રવરતા યાદીમાંથી ક્રમાનુસાર આવતા શ્રીમતી રાગીણી વાય. પટેલને નિયમાનુસાર બઢતી આપી અન્ય ભલામણો યથાવત સ્વીકારવી.**

૨૨. આર્કિટેકચર વિભાગ અને એમ.એસસી (આઈ.ટી) વિભાગ માટે સંયુકત રીતે રીફ્રેશમેન્ટ સેન્ટર (કેન્ટીન) બનાવવા માટે તા.૧/૧૨/૨૦૧૬ના રોજની ઈ.સી. કમીટી મારફત નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે. તે અંગે ચર્ચાવિચારણા કરવા બાબત.

– **" આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આર્કિટેકચર વિભાગ અને એમ.એસસી (આઈ.ટી) વિભાગ માટે સંયુકત રીતે રીફ્રેશમેન્ટ સેન્ટર (કેન્ટીન) બનાવવા અંગેનો થનાર બધા જ ખર્ચની ચુકવણી હાલમાં એમ.એસસી(આઈ.ટી) વિભાગ ધ્વારા કરવામાં આવે અને ત્યારબાદ તા.૩૧/૩/૨૦૧૭ સુધીમાં આર્કિટેકચર વિભાગ ધ્વારા કેન્ટીન બાંધકામનાં થયેલ કુલ ખર્ચની ૫૦% રકમની ચુકવણી એમ.એસસી (આઈ.ટી) ને કરવી. વધુમાં આ બાબતે યુનિવર્સિટીનાં સિન્ડીકેટ સભાની મંજુરી મેળવવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે."**

(એમ.એસસી. આઈ. ટી. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર વિભાગ અને એમ.એસસી (આઈ.ટી.) વિભાગ માટે સંયુકત રીતે રીફ્રેશમેન્ટ સેન્ટર (કેન્ટીન) બનાવવા માટે યથાવત મંજૂરી આપવી.**

૨૩. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના નીચે જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની જાણ થવા સારું.

| ક્રમ | ટ્રસ્ટનું નામ | કોલેજનું નામ અને સરનામું | શૈક્ષણિક વર્ષ | અભ્યાસક્રમ | સરકારશ્રીના પત્ર ક્રમાંક અને તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | પી.પી. સવાણી નોલેજ સીટી, 'માનસી' બિલ્ડીગ, સિધ્ધકુટિર, ઈન્ડિયન એસ્ટેટ, કાપોદ્રા, સુરત. | પી.પી. સવાણી સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી, ધામદોડ, નેશનલ હાઈવે નં–૮, કોસંબાની પાસે, જિ.સુરત. | ૨૦૧૬ – ૨૦૧૭ | ફિઝિયોથેરાપી | ક્રમાંકઃ દગજ /૨૦૧૬ / ૨૭૮ / ખ.૧ તા.૨૪ /૧૦ /૨૦૧૬ |
| ૨. | વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, વિદ્યાકુંજ સર્કલ, શંકરત્ન નગરી, સુભાષચંદ્ બોઝ માર્ગ, અડાજણ (વેસ્ટ), સુરત. | વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ ફિઝિયોથેરાપી, મુ.પો. અણીતા, તા.ઓલપાડ, જિ.સુરત. | ૨૦૧૬ – ૨૦૧૭ | ફિઝિયોથેરાપી | ક્રમાંક : દગજ /૨૦૧૬ / ૨૭૭ / ખ.૧ તા.૨૪ / ૧૦ /૨૦૧૬ |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના ઉપરોકત જણાવેલ પત્ર ક્રમાંકઃ અને તારીખથી સદર અભ્યાસક્રમોને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની નોંધ લેવી.**

૨૪. નારણલાલા લો કોલેજ, નવસારી પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવા શિક્ષકોને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા બાબતે સિન્ડિકેટ, તા.૧૮–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, યુનિવર્સિટી કાર્યાલય તરફથી શો–કોઝ નોટિસ પાઠવતા, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીના ચેરમેનશ્રીના તા.૨૫–૧૧–૨૦૧૬ના પત્રથી તેમણે મોકલેલ ખુલાસો/ જવાબ મોકલેલ છે.

- સિન્ડિકેટે, તેની તા.૧૮–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫)અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છેઃ

  **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાએ સિન્ડિકેટના ઠરાવ્યાનુસાર કાર્યવાહી કરી નથી તેથી તેનું જોડાણ રદ કેમ ન કરવુ તથા ફી ઓછી કેમ ન કરવી તેની શો–કોઝ નોટિસ આપવી. દિન–૧૫માં અધ્યાપકોને નિયમાનુસારનો પગાર તથા એરીયર્સ સત્વરે ચુકવવા તાકીદ કરવી.**
- સિન્ડિકેટે, તેની તા.૦૨–૦૯–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૧) થી નીચે મુજબ ઠરાવેલ છેઃ

  **::આથી ઠરાવવામાં આવે છે કે, તમામ અધ્યાપકોને બાકી નિકળતુ એરિયર્સ સત્વરે ચુકવવુ તથા હવેથી રૂા.૨૫,૦૦૦/– લેખે પગાર ચુકવવો. તમામ કોલેજીસ પાસેથી બેંક સ્ટેટમેન્ટ મંગાવવા. તમામ અધ્યાપકોના નિયમાનુસાર પગાર ચુકવવા અંગેની એફિડેવીટ મંગાવવી. જયાં અધ્યાપક ન હોઈ ત્યાં આવતા વર્ષથી એક જ ડિવિઝન આપવું.**
- સદર કોલેજના તા.૨૫–૧૧–૨૦૧૬ના પત્રથી સાથે મોકલેલ પુરાવામાં તેમણે બાકી નિકળતુ એરિયર્સ તથા પગાર ચૂકવેલ નથી.

(૨) **સી. જે. પટેલ વિદ્યાધામ લો કોલેજ, જહાંગીરપુરા, વરિયાવ જકાતનાકા પાસે , સુરતને** સિન્ડિકેટ, તા.૧૮–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬) અન્વયે, યુનિવર્સિટી કાર્યાલયના તા.૭–૧૧–૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (વરિયાવ)/ (૧૬)/ ૧૯૦૮૭થી શો–કોઝ નોટિસ પાઠવવામાં આવે છે. પરંતુ આજ દિન સુધી તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી. ઉપરોકત કોલેજોએ સિન્ડિકેટના ઠરાવ અનુસાર દિન–૧૫માં અધ્યાપકોને નિયમાનુસારનો પગાર તથા એરીયર્સ ચુકવવા તાકીદ કરવામાં આવેલ હોવા છતાં આજ દિન સુધી આ અંગે કોઈ માહિતી ન હોઈ, આ અંગે શી કાર્યવાહી કરવી ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નારણલાલા લો કોલેજ, નવસારી પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવા શિક્ષકોને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા બાબતે સિન્ડિકેટ, તા.૧૮–૧૦–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) અન્વયે, યુનિવર્સિટી કાર્યાલય તરફથી શો–કોઝ નોટિસ પાઠવતા, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીના ચેરમેનશ્રીના તા.૨૫–૧૧–૨૦૧૬ના પત્રથી તેમણે મોકલેલ ખુલાસો/ જવાબ મોકલેલ અન્વયે બાબત ક્રમાંક (૫) મુજબની કલોઝર સમિતિ સદર બાબતે અહેવાલ આપે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સી. જે. પટેલ વિદ્યાધામ લો કોલેજને આવતા વર્ષ માટે પ્રવેશ કેમ ન ફાળવવા? તે અંગે કારણદર્શક નોટીસ પાઠવવી.**

૨૫. યુ.જી.સી.ના તા.૨૩ નવેમ્બર ૨૦૧૬નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (કોન્વોકેશન))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ના તા.૨૩ નવેમ્બર ૨૦૧૬નાં પત્ર સ્વીકારી ઘટતી કાર્યવાહી કરવી.**

૨૬. તા. : ૦૩–૧૨–૨૦૧૬ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૧૨ ઉપર વિચારણા કરવા બાબત

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.: ૦૩–૧૨–૨૦૧૬ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૧૨ ને પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૨૭. તા.: ૦૧–૧૨–૨૦૧૬ ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨, ૪, ૧૩, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.: ૦૧–૧૨–૨૦૧૬ ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨, ૪, ૧૩, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણનો પરિશિષ્ટ : " ગ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંકઃ (૨) યથાવત હાલ મંજૂર કરવી તથા આ બાબતે લાંબાગાળાની સર્વગ્રાહી નીતિ બનાવવા માટે નીચે મુજબ સમિતિ રહેશે.**
**(૧) ડૉ. રાકેશ એન. દેસાઈ (૨) ડૉ. ધનેશભાઈ વૈદ્ય, (૩) શ્રી પરેશભાઈ પટેલ**

**(પરિશિષ્ટ : " ગ ")**

**<u>માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૨૮. યુનિવર્સિટીના એમ.બી.એ. વિભાગના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ.હીતેષ એ. પરમારે તા.૨૩/૧૧/૨૦૧૬થી ત્રણ મહિનાનો નોટીસ સમય ગણી તા.૨૨/૦૨/૨૦૧૭થી તેમની આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પરથી રાજીનામું મંજૂર કરવા અંગેની વિનંતી અંતર્ગત રાજીનામું મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ.બી.એ. વિભાગના સ્વનિર્ભર અભ્યાસક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. હીતેષ એ. પરમારે તા.૨૩/૧૧/૨૦૧૬થી ત્રણ મહિનાનો નોટીસ સમય ગણી તા.૨૨/૦૨/૨૦૧૭થી તેમની આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પરથી રાજીનામું મંજૂર કરવા અંગેની વિનંતી અંતર્ગત રાજીનામું મંજૂર કર્યાની મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવી.**

૨૯. સોફિસ્ટિકેટેડ ઈન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટરમાં સુવિધા બાબતના તા. ૦૬–૧૨–૨૦૧૬ના પત્રાંકઃ આઈક્યૂએસી/ ૬૧૧૭/ ૨૦૧૬ના ડૉ. અપૂર્વ એ. દેસાઈ, ડાયરેક્ટર, આઈક્યૂએસીના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(આઈક્યૂએસી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત પરિશિષ્ટઃ " ઘ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ઘ ")**

૩૦. આગામી સમયમાં યુનિવર્સિટીની મુલાકાતે આવનાર નેક કમિટિનો ખર્ચો પાડવા બાબતના તા. ૦૬–૧૨–૨૦૧૬ના પત્રાંકઃ કોમ્પ્યુટર સાયન્સ/૬૧૧૬/૨૦૧૬ના ડૉ.અપૂર્વ એ. દેસાઈ, ડાયરેક્ટર, આઈક્યૂએસીના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(આઈક્યૂએસી)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત પરિશિષ્ટઃ " ચ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ચ ")**

૩૧. યુનિવર્સિટીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માટે M.D.-Homoeopathy સ્વનિર્ભર અભ્યાસક્રમના એફીલીયેશનની અરજી મળેલ છે જે મંજૂર થયેથી પ્રવેશની કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન કરવાની થાય તો Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhiના ડેપ્યુટી સેક્રેટરીના તા.૧૫–૧૧–૨૦૧૬ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ની પ્રવેશની UG/PG કાર્યવાહી સંદર્ભે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક/ શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Government of India, Ministry of Ayurveda, Yoga & Naturopthy, Unani, Siddha and Homoeopathy (AYUSH), New Delhiના ડેપ્યુટી સેક્રેટરીના તા.૧૫–૧૧–૨૦૧૬ના પત્રની નોંધ લેવી.**

૩૨. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.<br>
ક્રમાંક : એસ–૧ (૧)/ ૨૦૯૩૪/૨૦૧૬ **ઈન્ચાર્જ કુલસચિવ**<br>
તા.૧૪–૧૨–૨૦૧૬<br>
પ્રતિ,<br>
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**